ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૮૯/૧૯–૨૦/ 470 તારીખ : 24 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અશોકભાઈ દલસુખભાઈ જાદવાણી,**
શ્રી મહેશભાઈ ચંદુભાઈ જાદવાણી,
જીન નાકે, ગઢડા,
તા.ગઢડા–૩૬૪ ૭૫૦.
**મો.નં. ૯૪૨૬૯ ૯૨૦૮૦.**

કેસ નં.૮૯/૧૯–૨૦

**વિષય : અમારી પ્રિમાઈસીસમાં આપેલ ગેરકાયદેસર કનેકશન દુર કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૧૦/૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૦૧/૧૧/૧૯.
(૨) કોર્પો. કચેરી, રાજકોટનો પત્ર નં.૭૨૩૧–૧ તા.૦૨/૧૧/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૧૯–૨૦/૪૩૮૮ તા.૦૭/૧૧/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૧૯–૨૦/૫૧૮૮ તા.૨૩/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૩/૦૧/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગઢડા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગઢડા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૯/૧૯–૨૦ ☜

વાદી :– શ્રી અશોકભાઈ દલસુખભાઈ જાદવાણી અને શ્રી મહેશભાઈ ચંદુભાઈ જાદવાણી

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૦૩.૦૧.૨૦૨૦ ◈

હાજર રહયા :– શ્રી ચાવડા ભુરાભાઈ પરમાભાઈ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન. એમ. શનેશ્વરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી અશોકભાઈ દલસુખભાઈ જાદવાણી અને શ્રી મહેશભાઈ ચંદુભાઈ જાદવાણી, મુ.ગઢડા, તા.ગઢડાની અમારી પ્રિમાઈસીસમાં આપેલ ગેરકાયદેસર કનેકશન દુર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૯/૧૯–૨૦/૪૩૮૮ તા.૦૭.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૧.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી શ્રી અશોકભાઈ દલસુખભાઈ જાદવાણી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન. એમ. શનેશ્વરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ ઉપરોકત નામ અશોકભાઈ દલસુખભાઈ તથા મહેશભાઈ ચંદુભાઈ એ જોઈન્ટ નામથી ગઢડા જીન નાકે, (ગઢડા નગરપાલીકના વોર્ડ નં.૪/૨–ઘર ક્રમાંક–૧૧૩) રહેણાંકી મકાન ધરાવીએ છીએ, જેની અમોએ ખરીદી કરેલ છે. ખરીદ રજીસ્ટર, દસ્તાવેજ નં.૫૧૩ તા.૮/૮/૧૯૯૭– જે મકાનમાં અશોકભાઈ દલસુખભાઈના દાદા, રણછોડભાઈ ગીરધરભાઈ વરસોથી સહકુટુંબ રહેતા હતાં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..૨..

૧.૨ ત્યારબાદ રણછોડભાઈના દેહ અવસાન પછી અમો સહકુટુંબ બીજી અન્ય જગ્યાએ રહેવા જતા તે મકાન મારા સાવકાભાઈ જગદીશભાઈ દલસુખભાઈ ને કોઈપણ જાતનું ભાડુ કે વળતર વગર, રહેમરાહે રહેવા આપેલ. જગદીશભાઈની દાનત બગડતા તે મકાન પચાવી પાડવાના બદઈરાદે પુરાવા ઉભા કરવા પીજીવીસીએલ પાસેથી ગેરકાયદેસર વીજજોડાણ મેળવેલ, જેનો ગ્રાહક નં.૬૦૧૦૧/૦૧૨૮૩/૭ છે. અમોએ આ વીજજોડાણ મેળવા કોઈપણ જાતની લેખીત કે મૌખીક સંમતિ આપેલ નથી. તેમ છતાં પીજીવીસીએલ એ ખોટા પુરાવાના આધારે, વીજકનેકશન આપેલ છે. જે તાત્કાલીક ધોરણે રદ કરશો, અમારી પ્રિમાયસીઝમાં થી તાત્કાલીક દુર કરશો. અમોએ આપની સમક્ષ તા.૩/૭/૨૦૧૮ ના રોજ (રાઈટ ઓફ ઈમ્ફોરમેશન) થી માહીતી માંગેલ પરંતુ આપના પ્રત્યુતરમાં આપે જણાવેલ કે ત્રાહીત વ્યકિતની માહીતી આપી શકાય નહી.

૧.૩ જો આ કનેકશન ઉતારી લેવામાં કસુર કરશે તો અમારા તરફથી વિના વિલંબે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને આ કનેકશનના લીધે અમારી મિલ્કતમાં કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની જવાબદારી પીજીવીસીએલની રહેશે, જેની નોંધ લેશોજી.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– વાદીશ્રી દવારા તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ રૂબરૂ ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો આ કામના અરજદાર બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાના મોજે ગઢડા શહેર મુકામે જીનનાકા વિસ્તારમાં રહીએ છીએ અને ગેરેજકામ કરી અમોનું તથા અમારા પરીવારનું ગુજરાન ચલાવીએ છીએ.

૧.૨ અમો અરજદારે ગઢડા તાલુકાના મોજે ગઢડા મુકામે જીનનાકા વિસ્તારમાં રહેણાંક મકાનની મિલ્કત રજી. દસ્તાવેજ નં.૫૧૩, તા.૦૮/૦૮/૧૯૯૭ થી રણછોડભાઈ ગીરધરભાઈના નામનું વીજ કનેકશન જેનો ગ્રાહક નં.૬૦૧૦૧/૦૦૭૦૫/૧ ના મીટર સહીતની મિલ્કત ખરીદ કરેલ હતી અને સદરહું મિલ્કતના તેમજ વીજકનેકશનના કાયદેસરના માલિક, મુખત્યાર બનેલ છીએ અને ત્યારથી આજદીન સુધી સદર મિલ્કતનો માલીકી હકક અમો અરજદારો ધારણ કરીએ છીએ તેમજ સદરહું મિલ્કતના તમામ દસ્તાવેજી પુરાવાઓ અમોના સ્વતંત્ર નામે ચાલે છે.

૧.૩ સદરહું મિલ્કતમાં અમોના સ્વ. દાદાશ્રી રણછોડભાઈ ગીરધરભાઈના નામનું વીજ કનેકશન જેનો ગ્રાહક નં.૬૦૧૦૧/૦૦૭૦૫/૧ થી ચાલતું આવેલ છે પરંતુ ગઢડા પીજીવીસીએલ કચેરી દવારા સદરહું વીજ કનેકશન કોઈપણ પ્રકારના માલીકીનાં આધાર–પુરાવા વગર ગતા તા.૩૦/૦૩/૨૦૧૮ ના રોજ માત્ર એક સાદી અરજીના આધારે જગદીશભાઈ દલસુખભાઈ સાથે પીજીવીસીએલ કચેરી ગઢડાએ સાંઠગાંઠ કરી અમારી માલીકીની મિલ્કત પચાવી પાડવાના બદઈરાદા સાથે અમોનું વીજ કનેકશન ઉતારી અમોનું માલીકીનું મીટર જગદીશભાઈએ અમારા પુરાવાનો નાશ કરવા તેમજ પોતાનો કબ્જા હકક સાબીત કરવા આ કૃત્ય કરેલ હોય તેમજ જગદીશભાઈએ ગેરકાયદેસર રીતે તા.૩૦/૧૦/૧૯૯૮ ના રોજ કોઈપણ માલીકી હકક રજુ કર્યા વગર ગેરકાયદેસર વીજ કનેકશન મેળવેલ છે. તો આપશ્રીને અમો જાણ કરીએ છીએ કે અમારા રજી. દસ્તાવેજની તારીખ પછી સદરહું ગેરકાયદેસર

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

વીજ કનેકશન અમોની માલીકીની મિલ્કત ઉપર મેળવેલ છે જે નામદાર કોર્ટમાં પોતાનો કબ્જા હકક સાબીત કરવા મેળવેલ છે. તેમજ નામદાર કોર્ટ વીજ કનેકશનના આધારે કોઈ માલીકી હકક માન્ય રાખતી નથી અને તેને નઝર અંદાજ કરે છે જેથી પણ સદરહું ગેરકાયદેસર વીજ કનેકશન દરુ કરવું જરૂરી છે.

૧.૪ આજે અમારી વીજ કનેકશન ઉતારવાની માંગણી છે તે અંગે નામદાર કોર્ટશ્રીએ કામચલાઉ કે કાયમી પ્રકારનો કોઈપણ હુકમ આજદીન સુધી આપેલ નથી કે પીજીવીસીએલને આપેલ નથી જે અમો જાહેર કરીએ છીએ.

૧.૫ અમોને અમોની માલીકીની મિલ્કત ઉપર અમોનું વીજ કનેકશન દૂર થવાની જાણ થતાં અમોએ ગઢડા પીજીવીસીએલ કચેરીમાં અનેક લેખિત તથા મૌખીક રજુઆત કરવા છતાં આજદીન સુધી સદરહું વીજ કનેકશન રદ કરવા કોઈ કાર્યવાહી ન થતાં તેમજ અમો અરજદાર દવારા તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ જાહેર માહીતી અધિનિયમ હેઠળ સદર ગેરકાયદેસર વીજ કનેકશન જગદીશભાઈને ફાળવતી વખતે રજુ થયેલ આધાર–પુરાવા માંગવા છતાં ગઢડા પીજીવીસીએલ કચેરી દવારા અમોને ત્રાહિત વ્યકિતને આધાર–પુરાવા ન મળે તેવો ઉડાવ જવાબ મોકલી આપેલ છે જયારે હકીકતમાં અમો અરજદાર વેચાણ દસ્તાવેજથી સદરહ મિલ્કતના દસ્તાવેજી માલીક હોઈએ તેમજ જગદીશભાઈ દલસુખભાઈ કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવા વગર માત્ર અમોના સાવકા ભાઈના નાતે રહેમરાહે કોઈપણ પ્રકારના ભાડાખત વગર રહેતા હોય ત્યારે ત્રાહિત વ્યકિત તેઓ હોય જે સ્પષ્ટ હોય તેમ છતાં ગઢડા પીજીવીસીએલ કચેરી દવારા નિયમોની અનદેખી કરી અવાંતર હેતુ સાથે અમો સાથે અન્યાય કરી રહેલ હોય જે સ્પષ્ટ હોય જેથી પણ અમો અરજદારને યોગ્ય ન્યાય આપવા અમોની લેખિત દલીલ છે.

૧.૬ ઉપરોકત વિવાદ ઉપર અમારો ફકત પીજીવીસીએલ કચેરી, ગઢડા સાથેનો વિવાદ છે તેમાં અન્ય કોર્ટ મેટર કે નામદાર કોર્ટને કોઈ લેવા–દેવા નથી. તેમજ પીજીવીસીએલ કચેરી ગઢડા તરફથી એવું દર્શાવે છે કે મિલ્કતના વિવાદ બાબત કોર્ટ મેટર ચાલતી હોય જેથી આગળ કોઈ કાર્યવાહી થઈ શકે નહી પરંતુ આ વિવાદ માત્રને માત્ર અમારો અને પીજીવીસીએલ કચેરી, ગઢડા વચ્ચેનો છે કારણકે પીજીવીસીએલ કચેરી, ગઢડાએ ખોટું કનેકશન શા માટે આપ્યું અને અમોનું કાયદેસરનું વીજ કનેકશન શા માટે દુર કર્યું તે અંગેનો વિવાદ હોય જે દૂર કરવું જોઈએ તેવી અમારી લેખિત દલીલ છે.

૧.૭ અમો અરજદાર જયારે માલીકી દસ્તાવેજીથી કાયદેસર માલીકી હકકથી સદર જગદીશભાઈએ મેળવેલ ગેરકાયદેસર વીજ કનેકશન દૂર કરવા અરજી આપેલ હોય તેમ છતાં પીજીવીસીએલ કચેરી, ગઢડા દવારા આજદીન સુધી સદર ગેરકાયદેસર વીજ કનેકશન દૂર કરવામાં આવેલ ન હોય અને એવો ઉડાવ જવાબ આપતી હોય કે સદર મિલ્કત અંગે દિવાની કેસ ચાલુ હોય કાર્યવાહી થઈ શકે નહી ? જો માહીતી આપવામાં કે ગેરકાયદેસર કનેકશન દૂર કરવામાં કોઈ કોર્ટ કાર્યવાહી નડતી હોય તો તે અંગે અમોને લેખિતમાં તે અંગેનો કોઈ નિયમ કે રૂલ્સ કાયદાકીય આધાર સાથે કઈ કલમ કે કયાં રૂલ્સ કે કયા નિયમ હેઠળ આવી માહીતી આપી ન શકાય કે તે કાર્યવાહી થઈ ન શકે તે સ્પષ્ટ રીતે બતાવવા અમોની નમ્ર અરજ સહ રજુઆત છે. કેમ કે કાયદામાં આવી કાંઈ જોગવાઈ રહેલ હોય તેવું અમારા ધ્યાનમાં આજદીન સુધી આવેલ નથી તેવું અમારૂ નમ્રપણે માનવું છે.

P.G.V.C.L. Addressee

૧.૮ ઉપરોકત તમામ લેખિત હકીકત રજુ થયેલ આધાર પુરાવા વિગેરે ઘ્યાને લઈ અમો અરજદારને યોગ્ય ન્યાય મળી રહે તે લક્ષમાં લઈ યોગ્ય કાર્યવાહી કરવા તેમજ ગઢડા પીજીવીસીએલ કચેરીને અમોની અરજી અંગે તેમજ માંગેલ માહીતી અંગે તાત્કાલીક પગલા ભરવા જરૂરી દિશા નિર્દેશ કરવા અમો અરજદારની દલીલ છે. અમોને જો યોગ્ય ન્યાય ન મળે તો ઉપર આગળની કાર્યવાહી કરવા અમોને ફરજ પડશે જે આપની જાણ સારૂ. આ સાથે જરૂરી આધાર પુરાવા રજુ રાખેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ સદર મિલકતમાં શ્રી જગદીશભાઈ દલસુખભાઈ જાદવાણીને ગ્રાહક નં.૬૦૧૦૧/૦૧૨૮૩/૭ થી ઘરવપરાશ હેતુનું વીજજોડાણ અત્રેની ગઢડા ગ્રામ્ય–૦૨ પે.વી.ક. હેઠળના જીનનાકા, શેલપરા વિસ્તારમાં તા.૩૦.૧૦.૧૯૯૮ થી આપવામાં આવેલ.

૨.૨ સદર વીજજોડાણના વીજબીલના નાણા હાલ સુધી બાકી રહેતા ન હોઈ વીજજોડાણ દુર ન કરી શકાય.

૨.૩ વધુમાં શ્રી જગદીશભાઈ દલસુખભાઈ જાદવાણીનો સંપર્ક કરતાં તેઓએ જણાવેલ કે સદર પ્રીમાયસીસની માલીકી બાબતે નામદાર કોર્ટ ગઢડા ખાતે શ્રી મહેશભાઈ ચંદુભાઈ જાદવાણી અને શ્રી અશોકભાઈ ચંદુભાઈ જાદવાણી વિરૂધ્ધ દાવા નં.૬૮/૨૦૧૮ થી દાવો હાલ ચાલુ છે.

૨.૪ આ પ્રીમાયસીસ લાગેલ વીજજોડાણ રદ કરવા અંગે નામદાર કોર્ટ ગઢડાનો નિર્ણય ન આવે ત્યાં સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવા તેઓએ ગઢડા ગ્રામ્ય–૦૨ પે.વી. એ તા.૦૬.૧૨.૨૦૧૯ ના રોજ આ દાવાની નકલ સાથે અરજી કરેલ છે.

૨.૫ જેથી સદર પ્રીમાયસીસમાં લાગેલ વીજજોડાણ દુર કરવા બાબતે નામદાર કોર્ટ ગઢડામાં દાવો પેન્ડીગ હોય અને વીજબીલના નાણા સમયસર ભરપાઈ થતા હોય, ગઢડા ગ્રામ્ય–૦૨ પે.વી.કચેરી દવારા કનેકશન દુર કરવા અંગે હાલમાં કોઈ કાર્યવાહી ન થઈ શકે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર અશોકભાઈ ડી. જાદવાણી તથા મહેશભાઈ ડી. જાદવાણીની ફોરમને રજુઆત છે કે ગઢડા નગરપાલીકાનાં વોર્ડ નં.૪/૨, ઘર ક્રમાંક ૧૧૩ ની મકાન માલીકી ધરાવીએ છીએ.

પ્રતિવાદી પીજીવીસીએલ દવારા જગદીશભાઈ દલસુખભાઈ જાદવાણીને ઘરવપરાશનું વીજજોડાણ વાદીની સંમતિ વગર આપેલ છે તેની સામે વાદી અરજદારને વાંધો છે.

૩.૨ પ્રતિવાદીએ જગદીશભાઈ દલસુખભાઈ જાદવાણીને ગ્રાહક નં.૬૦૧૦૧/૦૧૨૮૩/૭ થી ઘરવપરાશનું વીજજોડાણ તા.૩૦.૧૦.૧૯૯૮ ના રોજ આપેલ તેમજ સદર વીજજોડાણનાં વીજબીલનાં નાણા વીજગ્રાહક જગદીશભાઈ તરફથી ભરવામાં આવે છે તેમજ વીજગ્રાહકની તે જોડાણ રદ કરવા અંગેની કોઈ અરજી ન હોય, જગદીશભાઈ જાદવાણીનું મીટર રદ કરી શકાય નહી.

૩.૩ પ્રતિવાદીએ ફોરમને જણાવેલ છે કે સવાલવાળા મકાનની માલીકી બાબતે વીજગ્રાહક જગદીશભાઈ દલસુખભાઈ જાદવાણીએ વાદી અરજદારશ્રી મહેશભાઈ ચંદુભાઈ જાદવાણી અને અશોકભાઈ ચંદુભાઈ જાદવાણી સામે ગઢડા નામદાર કોર્ટમાં દાવા નં.૬૮/૨૦૧૮ થી દાવો દાખલ કરેલ છે જે દાવો હાલ નામદાર કોર્ટમાં ચાલુ છે.

૩.૪ પ્રતિવાદી તરફથી વાદીને તા.૩૦.૧૦.૧૯૯૮ ના રોજ એટલે કે આશરે ~~બે~~ ૨૧ વર્ષ પહેલા વીજજોડાણ તેમના મકાનમાં આપવામાં આવેલ. આમ આટલા લાંબા સમય સુધી વાદી અરજદારે જગદીશભાઈને વીજજોડાણ આપ્યા અંગે કોઈ વાંધો લીઘેલ નથી તેથી જગદીશભાઈ દલસુખભાઈનું વીજ જોડાણ વાદી અરજદારની અરજી પરથી કાપી અને દુર કરી શકાય નહિ તેમજ જગદીશભાઈ દલસુખભાઈ જાદવાણી તથા વાદી અશોકભાઈ અને મહેશભાઈ જાદવાણી વચ્ચે મિલકતની માલિકી અંગે ગઢડા નામદાર કોર્ટમાં તકરાર દીવાની કેસ ન. ૬૮/૧૮ થી ચાલુ હોઈ જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ ક્લોઝ ન. ૨.૩૩ (૧) મુજબ વાદી અરજદાર ફોરમનો સંપર્ક કરવા હકદાર રહેતો નથી, તેમજ વાદી અરજદાર જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ મુજબ ગ્રાહકની વ્યાખ્યામાં સમાવિષ્ટ ન થતા હોઈ ફોરમ નો સંપર્ક કરવા હકદાર રહેતા નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે.".**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૩.૦૧.૨૦૨૦